## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




મંત્રીજી તમને તિકડમ કરવા વિનંતી નથી કરી,... તીડ-કમ કરવા બોલાવ્યા છે...!!



**લોકરક્ષકદળના મહિલા આંદોલનકારીઓએ રેલી યોજી**

છેલ્લાં કેટલાંક દિવસોથી ગાંધીનગરમાં આંદોલન કરી રહેલા લોકરક્ષકદળના મહિલા ઉમેદવારોએ આજે સત્યાગ્રહ છાવણીથી ચ-૪ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન સુધીની રેલી યોજી હતી. જેમાં ભીમ આર્મી સહિતના કેટલાક સંગઠનો પણ જોડાયાં હતા. રેલીના સમાપને મહિલા ઉમેદવારોએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી રાજ્યના મુખ્યમંત્રી તથા ગૃહમંત્રીને મહિલા ઉમેદવારોને ન્યાય આપવાની માંગ કરતા સુત્રોચ્ચાર કરી તેમને અન્યાય કરતો ઠરાવ રદ કરવા માંગ કરી હતી.

# ગાંધીનગરમાં દેશી-વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ

### ટાટાચોકડી નજીકથી ૧૧ બોટલ વિદેશી દારૂ, ફતેપુરામાંથી ૧૦૦ લીટર દેશીદારૂ ગાળવાનો વોશ તથા રાયપુર કેનાલ પાસેથી ૫૬૧ લીટર દેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર જિલ્લામાં થર્ટી ફર્સ્ટ નજીક આવતા જ દારૂની હેરાફેરીમાં તેજી આવી હોય તેવુ પ્રતિત થઈ રહ્યું છે. આજે ગાંધીનગરની ટાટા ચોકડી નજીકથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૧ નંગ કાચની બોટલો સાથે રૂ. ૪૪૦૦ની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો હતો. આ ઉપરાંત દહેગામ નરોડા રોડ પરની રાયપુર નર્મદા કેનાલ પાસેથી અન્ય એક કારમાંથી દેશીદારૂનો રૂ. ૧૧ હજારની મત્તાનો ૫૬૧ લીટર જથ્થો ઝડપાયો હતો. આ સાથે સેક્ટર-૧૫માં ફતેપુરા ખાતેથી ૧૦૦ લીટર દેશીદારૂ ગાળવાનો વૉશ પણ પકડી પાડવામાં આવ્યો હતો.

આજે ગાંધીનગરમાં ટાટા ચોકડી પાસેથી એલસીબી પોલીસે બાતમીના આધારે એક ઈન્ડિકા કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની ૧૧ કાચની બોટલો સાથે રૂ. ૪૪૦૦ની કિંમતનો દારૂ અને ઈન્ડિકા કાર રૂ. ૭૦ હજાર મળીને કુલ રૂ. ૭૪,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરવા સાથે ગાડી નં. જીજે-૦૧-કેએસ-૪૨૮૬ને ચાલક જયેશભાઈ પ્રહલાદભાઈ રાવળ ઉં.વ. ૩૨ રહે. રાવળવાસ, મોખાસણ, તા. કલોલને ઝડપી લેવામાં આવ્યો છે. બીજી તરફ ડભોડા પોલીસની સર્વેલન્સ સ્કવોર્ડ દ્વારા રાયપુર કેનાલ પાસેથી બાતમીના આધારે એક વેગનઆર કાર નં. જીજે-૧૮-એબી-૪૧૦૬માંથી રૂ. ૧૧,૨૦૦ની કિંમતનો દેશી દારૂનો ૫૬૧ લીટર જથ્થો, ૩૪૦૦ની કિંમતના બે મોબાઈલ તથા રૂ. ૫૦ હજારની ગાડીની કિંમત સાથે રૂ. ૫૪ હજારની મત્તા જપ્ત કરી છે તેમજ ગાડીના ચાલક રઘુનાથસિંહ રાઠોડ રહે. પરઢોલ, તા. દસ્ક્રોઈની અટકાયત કરવામાં આવી છે. વધુ એક કિસ્સામાં ગાંધીનગરના સેક્ટર-૧૫માં ફતેપુરા ગામમાંથી કોકીબેન ઉર્ફે કોકિલા વિનુજી તખાજી ઠાકોર તથા કમુબેન મોહબતસિંહ તખાજી ઠાકોરના ઘરેથી મળીને કુલ ૮ લીટર દેશી દારૂ સાથે ૧૦૦ લીટર દેશી દારૂ ગાળવાનો વોશ એલસીબીએ ઝડપી પાડ્યો છે. જે ગુના સબબ સંદર્ભે કોકીલાબેન તથા કમુબેન વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.



**જીઈબી સિનિયર સીટીઝનોએ હેલ્થ અને હેપ્પીનેસ અંતર્ગત કશ્મીરવેલીની મુલાકાત લીધી**

ગાંધીનગર જીઈબી સ્થિત સિનિયર સિટીઝનોએ ગ્રામભારતી અમરાપુર કશ્મીરવેલીમાં હેલ્થ અને હેપીનેસ કાર્યક્રમ અંતર્ગત અનોખી વડીલોની યાત્રા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં વી.કેર ફાઉન્ડેશનના ચેરમેન જેસી. પટેલ તથા જિગ્નેશભાઈ હાજર રહી વડીલોને ખૂબજ રસપ્રદ આનંદની પળો માણી ખુશી વ્યક્ત કરી હતી.

## સોસાયટીમાં પ્રસંગ રાખવાનો ખર્ચ નક્કી કરવા બાબતે જનરલ મીટીંગમાં મારામારી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સાર્થક શ્રીજી સોસાયટીમાં જનરલ મીટીંગ દરમ્યાન સોસાયટીમાં પ્રસંગ રાખવા માટે ખર્ચ પેટે આપવાની રકમ નક્કી કરવાની બાબતમાં તકરાર થતા મારામારી થવા પામી હતી. આ ઘટનાને સંદર્ભે સામસામી પોલીસ ફરિયાદ થવા પામી છે.

કુડાસણની સાર્થક શ્રીજી સોસાયટીમાં યોજાયેલી જનરલ મિટીંગમાં સોસાયટીમાં પ્રસંગ કરવા માટે ખર્ચની રકમ રૂ. ૬ હજાર રાખવી જોઈએ તેના પ્રસ્તાવની સામે રૂ. ૫ હજાર રાખવા આવેલા સૂચનની ચર્ચા દરમ્યાન બોલાચાલી અને સામસામે મારામારી ગડદા-પાટુનો માર અને ગાળાગાળી થવાની ઘટના અંગે બે જુથો વચ્ચે સામસામી ફરિયાદ નોંધાઈ છે. સમગ્ર ઘટના દરમ્યાન કોઈએ ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસને બોલાવી હતી. આ ઘટનામાં એક ઈસમનો મોબાઈલ ફોન પણ ગુમ થવાની ફરિયાદ નોંધાવા પામી છે. ઉપરોક્ત ઘટના અંગે ફરિયાદોમાં જાનથી મારી નાંખવાની ધમકીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સદર ઘટના અંગે પોલીસ સબ ઈન્સ્પેક્ટર સરોજબેન ચૌધરી તપાસ ચલાવી રહ્યા છે.

# સત્યાગ્રહ છાવણી ખાતે પશુધન નિરીક્ષકોના આંદોલન ધરણાં

### ઘણાં સમયથી પડતર માંગોને સત્વરે પુરી કરવાની માંગ સાથે દેખાવો યોજ્યાં

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં સેક્ટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે આજે સવારથી ગુજરાતના પશુધન નિરીક્ષકો ઉમટી પડ્યાં હતા અને ગુજરાતના પશુધન નિરીક્ષકો દ્વારા સરકાર સમક્ષ અનુભવને આધારે ડીવીએસસી ડિપ્લોમા જાહેર કરી બીવીએસ એન્ડ એ.એચ.ના અભ્યાસક્રમ બાબતે પ્રાથમિક સારવારની કામગીરીને રક્ષણ આપવા, કૃત્રિમ બીજદાન, વેક્સિનેશન તથા યોજનાકીય કામગીરીનું કાર્યભારણ ઓછુ કરવા, આર.પી. ઉપકેન્દ્રો ખાતે




તેમની પડતર માંગણીઓના સમર્થનમાં અહિંસક આંદોલન સાથે ધરણાં અને દેખાવો કર્યા હતા. રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં ઉમટી પડેલા વેટરનરી લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર્સે હાથમાં બેનર્સ-પ્લેકાર્ડ સાથે સુત્રોધ્ધાર કર્યા હતા અને તેમની માંગણીઓ સત્વરે પુરી કરવા રાજ્ય સરકાર સમક્ષ માંગ કરી હતી.

નિર્ણય લેવા, પશુધન નિરીક્ષકના વર્ગ-૨ના પ્રમોશન બાબત, પગારધોરણ ગ્રેડ પે ૪૪૦૦ કરવા, પશુપાલન નિયામક તરીકે સનદી અધિકારીની નિમણૂંક કરવા, હાઈકોર્ટમાં તા. ૧૯મી જુલાઈ ૨૦૧૮ના રોજના ચીફ જસ્ટીસની ડિવીઝનલ બેચના નિર્ણયનો અમલ કરવા, પશુધન નિરીક્ષકની સાફસફાઈ, પાણી ભરવા, રસીમાં મદદ માટે છ કલાકના મદદનીશની આઉટસોર્સથી નિમણૂંક કરવા, એપ્રોનના સફેદ ડ્રેસ કોડ, રિસ્ક એલાઉન્સ તથા ટ્રાન્સપોર્ટ એલાઉન્સ વગેરે આપવા સહિતની શક્ય માંગોને અનુલક્ષીને આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન ધરણાં યોજ્યાં હતા.

# રવિ સીઝનમાં ઘઉં, બટાટા અને તમાકુની વિક્રમી ખેતી

### છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ વાવણી વિસ્તાર કરતાં પણ ૧૫૦૦ હેક્ટરમાં વધુ વાવેતર નોંધાયુ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ઘઉં, તમાકુ અને બટાટાની વિક્રમી ખેતી સાથે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ રવિ સીઝનની વાવણી વિસ્તારના આંકને પણ પાર કરવામાં આવ્યો છે.

જિલ્લામાં ત્રણ વર્ષથી સરેરાશ ૭૦ હજાર હેક્ટરમાં વાવણી રવિ સીઝન દરમ્યાન થતી હતી જે આ વખતે વધીને ૭૧૬૫૨ હેક્ટર નોંધાઈ છે. આમ રવિ સીઝનનું વાવેતર સરેરાશ ૧૦૦ ટકાને પણ પાર કરી ગયુ છે.

જિલ્લાનો મુખ્ય પાક ગણાતા ઘઉંનું વાવેતર ૨૯ હજારથી વધુ હેક્ટરમાં નોંધાયુ છે. જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ ૨૭ હજાર હેક્ટરની આસપાસ રહી છે. આમ ઘઉંના પાકની વાવણીમાં ૩ હજાર હેક્ટરનો વધારો થવા પામ્યો છે.

આ ઉપરાંત તમાકુનું વાવેતર પણ જે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ૩૩૦૦ હેક્ટરની આસપાસ નોંધાયુ હતુ જે આ વર્ષે વધીને ૩૫૦૦ હેક્ટરને પાર કરી ગયુ છે.

બટાટાની ખેતી પણ વિક્રમી થવા પામી છે. ૯૫૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં આ પાકની ખેતી થવા પામી છે.

જિલ્લામાં વરિયાળીનું વાવેતર ૧૨૪૧ હેક્ટર, શાકભાજીના પાકોનું વાવેતર ૫૯૮૬ હેક્ટર, ઘાસચારાનું વાવેતર ૨૧,૨૨૮ હેક્ટર નોંધાયુ છે. રાઈનું વાવેતર ૫૩૯ હેક્ટર તથા ચણાના પાકનું વાવેતર ૪૨૧ હેક્ટર નોંધાયુ છે.

જિલ્લામાં પાછોતરો વરસાદ સારો થયો હતો અને રવિ સીઝનના વાવેતર માટે પણ સાનુકૂળ હવામાન હોવાથી ખેડૂતો વાવણી માટે વધુ ઉત્સાહી જોવા મળી રહ્યા છે. ઠંડીની મોસમ જામી છે એટલે ઘઉં અને બટાટાનું સારૂ ઉત્પાદન મળશે તેવુ ખેડૂતો માની રહ્યા છે. શાકભાજીના વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો છે એટલુ જ નહિ કઠોળ પાકોનું વાવેતર પણ ઘટવા પામ્યુ છે.

# આર.ટી.ઓ.માં પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવા સક્રિય હિલચાલ

### હાલ જગ્યાના અભાવે ગ માર્ગ પર આડેધડ વાહનોનો ખડકલો થાય છે : ટ્રાફિક નિયમનની ઐસી તૈસી થતા માર્ગ સલામતી સામે પણ જોખમ

ગાંધીનગર તા ૨૭

શહેરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં અનેક દુવિધાઓ અરજદારો માટે હાલાકીનુ કારણ બની છે. આર ટી ઓ કચેરીના સંકુલમાં વાહન પાર્કીંગ માટે પુરતી જગ્યા નથી. જયારે બીજીતરફ નગરના ગ માર્ગ પર આડેધડ વાહનોનો ખડકલો થતા ટ્રાફિક નિયમનનો સરેઆમ ભંગ થઈ રહ્યો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. આ મામલે આર ટી ઓ કચેરીમાં યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા માટે આયોજન કરવા માટે ટુંકમાં ગિતવિધિ હાથ ધરાશે.

શહેરના ગ માર્ગ સ્થિત આર ટી ઓ કચેરીમાં પ્રવેશતા જ દુવિધાઓનુ દંગલ જોવા મળે છે. આર ટી ઓ કચેરીમાં વાહન પાર્કીંગ માટે પુરતી જગ્યા નથી જયારે સંકુલમાં



ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પણ કાર્યરત હોવાથી ખુલ્લી જગ્યા રહી નથી બીજીતરફ બાજુમાં સ્થિત જગ્યાને પાર્કીંગ માટે ફાળવવા અનેકવાર કલેકટર કચેરી તેમજ સંબંધિત વિભાગોને પણ પત્ર વ્યવ્હાર કરવામાં આવ્યો છે. પરંતુ આર ટી ઓ કચેરીને પાર્કીંગ માટે જગ્યા ન ફાળવવામાં આવતા હાલ પણ ગ માર્ગ પર આડેધડ વાહનોનો ખડકલો થયેલો જોવા મળી રહ્યો છે. નગરમાં ટ્રાફિકનુ નિયમન યોગ્ય રીતે થાય તે માટે આદેશ અને ઉપદેશ આપતી આર ટી ઓ કચેરીના ઘર આંગણે જ પાર્કીંગ સહીત ટ્રાફિક નિયમનના પાલન થતો નથી. જેના લીધે કચેરીમાં અવરજવર કરતા અરજદારો પણ મુશ્કેલીમાં મુકાય છે. નગરના ગ માર્ગ આમ પણ હજુ સિકસલેન બન્યો નથી ત્યારે માર્ગ વચાળે વાહનો પાર્ક થઈ જાય છે. આ મામલે આગામી દિવસોમાં કચેરીને અનુલક્ષી આવતા મુલાકાતીઓ યોગ્ય પાર્કીંગ કરી શકે તે માટે જગ્યા ફાળવવા માટે પણ યોગ્ય રજુઆત કરવા માટે નવનિયુક્ત એ આર ટી ઓ અધિકારી કક્ષાએથી રજુઆત કરવામાં આવશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

# અમદાવાદમાં ગાહેડ-ક્રેડાઈ પ્રોપર્ટી શો નો પ્રારંભ

### શહેરો-નગરોના સર્વગ્રાહી વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં ૨૦૦ ટી.પી. સ્કિમને મંજૂરી આપી છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, શહેરો-નગરોના ઝડપી વિકાસ માટે રાજ્ય સરકારે ૨ વર્ષમાં ૨૦૦ ટી.પી. સ્કિમ મંજૂર કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે રાજયમાં માળખાકિય ક્ષેત્રના વિકાસ માટે ચાલું વર્ષે જ ૧૦૦ ટી.પી. સ્કિમને મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે રાજયમાં મંજૂર કરવામાં આવેલી ૨૦૦ ટી.પી. અને ૧૨ ટી.પી. સ્કિમ સંપૂર્ણ પારદર્શિકતાથી અમલમાં મૂકાઈ છે. જેને કારણે અમદાવાદ અને સુરત જેવા શહેરો વિશ્વમાં ઝડપથી વિકસી રહેલા શહેરો તરીકે ઉભરી આવ્યા છે.

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયેલા ત્રિ-દિવસિય ગાહેડ-ક્રેડાઈ પ્રોપર્ટી શો નો પ્રારંભ કરાવતા તેમણે કહ્યું કે શહેરી ક્ષેત્રના વિકાસ માટે ટી.પી.સ્કિમની મંજૂરી સહિતના જે પગલાંઓ લેવામાં આવ્યા છે



તેનાથી ગુજરાતની કન્સ્ટ્રકશન એક્ટિવિટીને બુસ્ટ મળશે.

તેમણે એમ પણ જણાવ્યું કે શાસન દાયિત્વ સંભાળ્યું ત્યારથી જ વિકાસની ૨૦-૨૦ જેવી ઝડપથી ગુજરાતને આજે દેશના વિકાસનું રોલ મોડેલ બનાવ્યું છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્ય સરકારે ગરીબ અને મધ્યમવર્ગની વિશેષ ચિંતા કરીને લો કોસ્ટ હાઉસિંગની વ્યવસ્થા અને તેના માટેની પોલીસી અમલી બનાવી, જ્યાં પણ ઝુપડપટ્ટીઓ છે ત્યાં નવા મકાનો અને ઘર વિહોણા લોકોને ઘરનું ઘર મળે તે માટે વિવિધ યોજનાઓ હેઠળ અનેક મકાનો બનાવી સંપૂર્ણ પારદર્શકતાથી હાથોહાથ ઘરની ચાવી લાભાર્થીઓને આપી છે.

વિકાસની ગતિને તેજ બનાવવા માટે રાજ્ય સરકારના તમામ વિભાગોમાં ડિજિટાઈઝેશન અને અરજી તથા મંજૂરીઓ ઓનલાઈન આપવાની વ્યવસ્થા વિકસિત કરવામાં આવી રહી છે, જેથી લોકોને ઓછામાં ઓછી હાલાકી પડે અને લાઈનોમાં ઉભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ મળે, સાથે જ પારદર્શીતા આવે તેવી નેમ તેમણે દર્શાવી હતી.

આ ફ્લેગશિપ કાર્યક્રમમાં ૬૫થી વધુ ડેવલપર્સ દ્વારા વિવિધ વિસ્તારોમાં આકાર લઈ રહેલ ૧૫૦ થી વધુ રિયલ એસ્ટેટ પ્રોજેકટની માહિતી ઉપલબ્ધ કરવામાં આવશે.

ક્રેડાઈ નેશનલના ચેરમેન જક્ષય શાહે સ્વાગત પ્રવચન કરતા કહ્યું કે રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં કરાયેલ નીતિવિષયક સુધારો અને ઈન્ફ્રાસ્ટ્રકચરના આયોજનથી સમગ્ર રાજ્યમાં સુનિયોજિત વિકાસની બહારથી રોકાણકારોનો પ્રવાહ વધશે અને વ્યવસાયિક તેમજ ઔદ્યોગિક ક્ષેત્રનો વ્યાપ પણ વધવાને પરિણામે શહેરમાં માયગ્રેશનને લીધે વધારાના આવાસોની માંગ ઉભી થશે તેમજ અમદાવાદના નવા વિકાસ પામી રહેલ વિસ્તારોમાં રોકાણકારોનો પ્રવાહ વધશે જેથી મિલકત ખરીદવા માટેની આ ઉત્તમ તક છે.

આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રીમતી બીજલબેન પટેલ, ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અમુલભાઈ ભટ્ટ, ક્રેડાઈ નેશનલ વાઈસ પ્રેસિડન્ટ શેખર પટેલ, ક્રેડાઈ ગુજરાતના પ્રેસિડન્ટ આશિષ પટેલ સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.